

જરાક વરસાદ પડતા જ શહેરનું વાતાવરણ હીલ સ્ટેશન જેવું બની ગયું છે. છેલ્લા ઘણા દિવસોથી આકરી ગરમી અને તડકામાં તપતા વૃક્ષો વરસાદમાં પલળીને તરોતાજા બની ગયા છે. વાતાવરણ વાદળછાયુ રહેતા વસાહતીઓ આનંદીત બની ગયા છે.

# લીલાછમ ગાંધીનગરની લીલોતરીની કત્લેઆમ અટકાવવા સોશિયલ મિડીયા પર અભિયાન

## શહેરના સંવેદનશીલ પર્યાવરણપ્રેમી નાગરિકો દ્વારા સહી ઝુંબેશ જેવો મેસેજ ફરતો કરી વૃક્ષોનું નિકંદન અટકાવવા હૃદયસ્પર્શી રજૂઆત

ગાંધીનગર, તા. ૧૮

"લીલાછમ ગાંધીનગરમાં લીલોતરીની નિર્દયી કત્લેઆમ"ના હેડીંગથી શહેરમાં એસ.જી. રહી છે અને પર્યાવરણપ્રેમી પાટનગરવાસીઓ દ્વારા વૃક્ષોની કત્લેઆમને રોકવા સોશ્યલ મિડીયા થકી એકબીજાને આહવાન કારણે આમ પણ પર્યાવરણપ્રેમી નાગરિકો ચિંતિત છે હવે એસ.જી. હાઈવેને પહોળો કરવા એક સાથે હજારોની સંખ્યામાં વૃક્ષો કાપવાની દ્વારા સિગ્નેચર અભિયન સમા એક ચેઈન મેસેજ થકી આ વૃક્ષોને કપાતા અટકાવવા પર્યાવરણપ્રેમીઓ દ્વારા આંદોલન શરૂ કરાયુ છે.

આ આંદોલનમાં દરેક યુઝરે સંમતિના ભાગરૂપે મેસેજના અંતમાં પોતાનુ નામ ઉમેરી તેને આગળ ફોરવર્ડ કરવા અપીલ કરવામાં આવી રહી છે. આ મેસેજમાં પાટનગર જે ૨૫ વર્ષ પહેલા ૨૫ લાખ વૃક્ષો સાથે સમગ્ર એશિયાખંડમાં બીજા ક્રમનું હરિયાળુ શહેર હતુ તેવા દાવા સાથે ફરી તંત્ર દ્વારા હરિયાળુ એટલે કે ગ્રીનસીટી બનાવવાને બદલે 'સ્માર્ટસીટી'ની લ્હાયમાં માત્ર રોડ પહોળો કરવા કે ફલાયઓવર બનાવવા હજારોની સંખ્યા વૃક્ષો કાપવા બાબતે હૃદયસ્પર્શી આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. પાટનગરના આ સંવેદનશીલ નાગરિકોની લાગણીને તંત્ર કેટલી ગંભીરતાથી લઈ વૃક્ષોના નિકંદનને અટકાવે છે કે નહી તે આગામી સમય કહેશે.

### શું લખ્યુ છે આ મેસેજમાં ?

### લીલાછમ ગાંધીનગરમાં લીલોતરીની કત્લેઆમ

૨૫ વર્ષ પહેલા, ૨૫ લાખ વૃક્ષો થકી એશિયાખંડમાં લીલાછમ શહેરની યાદીમાં બીજા ક્રમે બિરાજમાન આપણું ગાંધીનગર પોતાનું ગૌરવ ગુમાવી બેસે એવી દુઃખદ સ્થિતિ ઉભી થવા જઈ રહી છે. પ્રિય નગરવાસીઓ, જો આ દુઃખદ સમાચારથી આપને દર્દ પહોંચ્યુ હોય તો જુઓ આ વિગતો : ગ્રીનેસ્ટ સીટી બનાવવાની સરકારી હોડમાં રોડ પહોળા કરવા માટે અને ફલાયઓવર બનાવવા માટે (જેની જરૂર છે કે કેમ ?) હજ્જારોની સંખ્યામાં વૃક્ષો નિર્દયપણે કપાઈ રહ્યાં છે. થોડા નવા કાળા અને સુક્કા ભઠ્ઠ રસ્તાઓ માટે થઈને દશકોના પ્રયત્ન થકી ઉભી થયેલી આ સંપદા નાશ પામી રહી છે. શું આપણા આ પ્રાકૃતિક સંશાધનોનો ભોગ લીધા વિના આપણા શહેરને વધુ સગવડભર્યુ બનાવવું એ ખરી સ્માર્ટનેસ નથી ? પ્રિય નાગરિક મિત્રો, આવો આપણે જાગીએ, સંનિષ્ઠ ભૂમિકા લઈએ અને આપણા શહેરને અને આપણા આ લીલા પર્યાવરણને બચાવવા અવાજ કરીએ અને આપણાથી થઈ શકે તે તમામ પ્રયત્નો પુરી તાકાતથી કરીએ' જય હિન્દ.

હાઈવેને પહોળો કરવા માટે મોટી સંખ્યામાં કપાઈ રહેલા વૃક્ષો બચાવવા સોશ્યલ મિડીયા પર અભિયાન શરૂ થયુ છે. માત્ર એક રોડ પહોળો કરવા વર્ષો જુના ઘટાટોપ સંખ્યાબંધ વૃક્ષો કાપવાના તંત્રના નિર્ણયની ચારેકોર ટીકા થઈ આપી આ લડતમાં જોડાવાનું આમંત્રણ અપાઈ રહ્યું છે. આ આંદોલનને સારો પ્રતિસાદ પણ પ્રાપ્ત થઈ રહ્યો છે પરંતુ તંત્ર તેને કેટલુ ગંભીરતાથી લે છે તે જોવુ રહ્યું.

ગાંધીનગરમાં વૃક્ષોની સંખ્યા સતત ઘટતી જઈ રહી છે જેના પ્રક્રિયા સામે નાગરિકોમાં ચિંતા સાથે અરેરાટી પણ વ્યાપી જવા પામી છે. નાગરિકો તેમનું આ દુઃખ સોશ્યલ મિડીયા થકી વ્યક્ત કરી રહ્યાં છે પરંતુ તંત્રના બ્હેરાં કાને અથડાઈને પાછુ ફરી રહ્યું છે. છેલ્લા પાંચેક દિવસથી વ્હોટસએપ

# જુનિયર નેશનલ સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપમાં ગુજરાતને ચાર મેડલ્સ

## અન્ડર-૧૮ કેટેગરીમાં બોયઝની ટીમને સુવર્ણ, ગર્લ્સની ટીમને બ્રોન્ઝ તથા વ્યક્તિગત ઈવેન્ટમાં બે સિલ્વર મેડલ્સ પ્રાપ્ત થયા





ગાંધીનગર, તા. ૧૮

તાજેતરમાં ભોપાલ ખાતે યોજાયેલ રાષ્ટ્રીયકક્ષાની ૧૪મી જુનિયર નેશનલ સોફ્ટ ટેનિસ ચેમ્પિયીશનપમાં અન્ડર-૧૮ કેટેગરીમાં ગુજરાતની બૉયઝ અને ગર્લ્સ બંને ટીમે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવા સાથે કુલ ૪ મેડલ્સ જીત્યાં છે જેમાં ૧ સુવર્ણ, ૧ રજત અને ૨ કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે. આજે બંને ટીમે ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ ખાતે રમતગમત મંત્રી ઈશ્વરસિંહ પટેલની મુલાકાત લીધી હતી જેમાં મંત્રીઅ ખેલાડીઓને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી.

મધ્યપ્રદેશના ભોપાલ ખાતે તાત્યાટોપે સ્ટેડિયમમાં યોજાયેલ જુનિયર નેશનલ સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપમાં ગુજરાતની બૉયઝ ટીમે ગોલ્ડમેડલ હાંસલ કર્યો હતો જ્યારે ગર્લ્સ ટીમે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ઉપરાંત વ્યક્તિગત ધોરણે અનિકેત પટેલે બૉયઝ સિંગલ્સમાં અને મિલિન્દ પટેલ તથા વિપ્રા ધારિયાલની જોડીએ મિક્સ્ડ ડબલ્સમાં સિલ્વર મેડલ્સ જીત્યાં હતા. ટીમ ઈવેન્ટમાં બૉયઝ ટીમે ફાઈનલમાં મધ્યપ્રદેશની ટીમને ૨-૧ થી હરાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ ટૂર્નામેન્ટના સમાપને મધ્યપ્રદેશના રાજ્યપાલ તથા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતા.

આ ઉપરાંત ગુજરાતમાંથી સોફ્ટ ટેનિસ એસોસિએશનના પ્રમુખ જે.કે. ખોડાધ્રા, સેક્રેટરી હસમુખ વેગડા અને કોચ વિકાસ ડોરિયા, હર્ગ ખોડાધ્રા તથા અજય સોડાતર ઉપસ્થિત રહ્યાં હતા. આજે મંત્રી ઈશ્વરસિંહ પટેલ સાથેની ટીમની મુલાકાત દરમ્યાન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સેક્રેટરી ડી.ડી. કાપડિયાએ પણ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

**બોયઝ ટીમ**
અનિકેત પટેલ
રાજવીર અમલિયાર
વંશ ડોરિયા
દેવ વાણિયા
વ્યોમ ડોરિયા
દેવ ગોહિલ
મિલિન્દ પટેલ
હંસલ શાહ
જ્યોર્તિમય મહેતા
હાર્દિકસિંહ વાઘેલા

**ગર્લ્સ ટીમ**
યેશા ઉમરેલિયા
મીરાં રાણા
હની દતવાણી
હીર પટેલ
વિપ્રા ધારિયાલ
દેવાંશી પટેલ
સિમોન બુખારી
ખ્વાઈસ કોશ્ટી

## ૨૯મી જુનની સ્ટેટેસ્ટીક્સ ડે તરીકે ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૧૮

આગામી ૨૯મી જુનના રોજ રાજ્યભરમાં સ્ટેટેસ્ટીક્સ ડે ની ઉજવણી કરવામાં આવનાર છે. વિશ્વ વિખ્યાત આંકડાશાસ્ત્રી પી.સી. મહાલ મોબીસની જન્મજયંતિ ઉજવણી માટે સ્ટેટેસ્ટીક્સ ડે ઉજવવામાં આવે છે. આ દિવસે રાજ્યના તમામ જિલ્લાઓમાં કલેક્ટર અને ડીડીઓની ઉપસ્થિતિમાં આ દિવસની ઉજવણી કરવામાં આવશે. આંકડા બ્યુરો કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૩મા સ્ટેટેસ્ટીક્સ ડે ની ઉજવણી માટે ખાસ થીમ નિયત કરવામાં આવી છે. "ટકાઉ વિકાસના માપદંડ" થીમ પર આ વખતે દરેક જિલ્લામાં ખાસ પરિસંવાદનું આયોજન કરવામાં આવનાર છે. આ પરિસંવાદનુ આયોજન જિલ્લા આયોજન કચેરી અને જિલ્લા આંકડા શાખા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવશે. આ પરિસંવાદમાં જિલ્લાના અધિકારીઓ, આંકડાકીય કામગીરી સાથે સંકળાયેલ કર્મયોગીઓ, આંકડા શાખાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સહિત સૌ કોઈને આમંત્રણ આપવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

## ભારતીય યોગ સંસ્થાન શહેરમાં બે સ્થળે યોગ દિવસ ઉજવશે

ગાંધીનગરમાં તા. ૨૧મી જુન શુક્રવારના રોજ "વિશ્વ યોગ દિવસ" નિમિત્તે ભારતીય યોગ સંસ્થાન દ્વારા બે સ્થળે યોગ નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સેક્ટર-૬માં શોપીંગ સેન્ટર સામેના બગીચામાં તથા સેક્ટર-૩માં સાંઈબાબા મંદિર પાસેના બગીચામાં યોજાશે. બંને સ્થળે સવારે ૬ થી ૭.૩૦ દરમ્યાન યોગનિદર્શન યોજાશે જેમાં શહેરના સ્વાસ્થ્યપ્રેમી નાગરિકોને પરિવાર સહ જોડાવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય યોગ સંસ્થાનના ભારતભરમાં ૩૮૦૦, વિદેશમાં ૬૦ અને ગુજરાતમાં ૧૨૧ યોગ સાધના કેન્દ્રો કાર્યરત છે જેમાં સમગ્ર વર્ષ દરમ્યાન નિયમિત યોગ સાધનાની તાલીમ વિનામૂલ્યે આપવામાં આવે છે. આ ઉપરાંત યોગ સાધના કેન્દ્રો પર તા. ૧૮મી જૂનથી સ્પેશિયલ યોગ શિબિરનો પ્રારંભ કરાયો છે. જે તા. ૨૦મી જુન સુધી ચાલશે. તમામ કેન્દ્રો પર સાંજે ૫.૩૦ થી ૭.૩૦ દરમ્યાન મહિલાઓ માટે ખાસ યોગ નિદર્શન યોજવામાં આવે છે.

## સે-૭ ખાતે ઘરમાંથી બે મોબાઈલ લઈ ગઠીયો ફરાર

ગાંધીનગર શહેરના સેકટર-૭ ખાતે મંગળવારના રોજ સવારે ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં સેકટર-૭એ પ્લોટ નં. ૨૬૮-૨ ખાતે વસવાટ કરતા ભરતકુમાર બળદેવભાઈ પટેલ મોર્નીંગ વોકમાં ચાલવા માટે નીકળ્યા હતા અને તેમના પત્નિ સ્નાન કરવા માટે બાથરૂમમાં ગયા હતા તે સમયે તકનો લાભ લઈ ગઠીયો સ્વામીનારાયણ બોલતા બોલતા ઘરમાં ઘુસીને બે મોબાઈલ લઈ ફરાર થઈ ગયો હતો. સવારે ચાલવા માટે નીકળેલા ભરતભાઈ ૮ વાગ્યાના અરસામાં પરત ફર્યા ત્યારે તેમની પત્નિએ કહ્યું કે તેઓ બાથરૂમમાં હતા તે સમયે કોઈ સ્વામીનારાયણ બોલતા બોલતા જાળી ખોલીને અંદર પ્રવેશ્યો હતો અને જતી વખતે જોરથી બંધ કરીને જતો રહ્યો હતો. કબાટ પર મુકેલા બંન્ને ફોન ગાયબ હતા જેથી ભરતભાઈએ બંન્ને ફોન લગાવતા તેઓ બંધ આવતા હતા. જેને પગલે ભરતભાઈએ સેકટર-૭ પોલીસ મથકે બે મોબાઈલ ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કલોલ તાલુકા અને એસઓજીની ટીમે વાહનચોર શખ્સને ઝડપી પાડ્યો

કલોક હાઈ-વે પર પોલીસે વાહન ચેકીંગ દરમિયાન ચોરીની કાર સાથે એક શખ્સને દબોચી લીધો છે. શખ્સની એસઓજી પોલીસે ઉંડાણ પૂર્વક પુછપરછ કરતા વધુ ચાર બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો છે. પોલીસે આરોપી પાસેથી બાઈક અને કાર ઝપ્ત કરી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.



પેથાપુરમાં સ્વામિનારાયણ મંદિર ખાતે ઠાકોરજીને સતત બે માસ સુધી ગરમીના કારણે ચંદન અને ફૂલોના વાઘા પહેરાવાયા બાદ હવે રવિવારે કેસર અભિષેક દ્વારા સ્નાન કરાવાયુ હતુ. આ પ્રસંગે સેંકડો હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

# થાનગઢ પ્રોહિબિશનના ગુનામા નાસતા ફરતા આરોપીને આરઆરસેલે દબોચી લીધો

ગાંધીનગર, તા.૧૮

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ પોલીસ મથકમાં પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીને ગાંધીનગર આરઆરસેલ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર રેન્જ આઈજી મયંકસિંહ ચાવડાએ આગામી રથયાત્રાને પગલે રેન્જ વિસ્તારમાં પોલીસ મથકના ગુનામાં અને રાજયના અન્ય જિલ્લાના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા હોય તેવા આરોપીઓની માહિતી મેળવી શોધી કાઢવા માટે જણાવતા આરઆરસેલ પીએસઆઈ પી.એન.ઝાલાએ સ્ટાફને સુચના મળતા જ નાસતા-ફરતા આરોપીઓની હકીકત મેળવી અને તપાસ કાર્યવાહી કરી



હતી.જેમાં તા.૧૬ જુનના રોજ આરઆરસેલની ટીમના સભ્યો હે.કો. દેવુસિંહ અમરસિંહ, કિશનસિંહ છત્રસિંહ, રાકેશકુમાર સુરમાજી અને પો.કો.ગીરીશકુમાર ગાંડાભાઈ સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં પેટ્રોલીંગ અને વોચમાં હતા. તે દરમિયાન થાનગઢ પોલીસ મથકમાં નોંધાયેલા વિદેશી દારુની હેરાફેરીના કેસમાં અને છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપી રાહુલ કુમાર રતિલાલ ભગોરા (રહે.ધોલવાણી છાપરા, તા. ભિલોડા) ને ધોલવાણી ત્રણ રસ્તા પાસેથી આરઆરસેલની ટીમે દબોચી લીધો હતો. આરઆરસેલની ટીમે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને થાનગઢ પોલીસ મથકમાં જાણ કરીને નાસતા ફરતા આરોપીની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગર અર્બન કો.ઓ.બેંકના હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયા

ગાંધીનગર, તા. ૧૮

ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લી. ગાંધીનગરના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીમાં ચૂંટણી કાર્યક્રમ મુજબ આખરે ૩૪ ઉમેદવારો રહ્યા હતા. જે પૈકી ૨૧ ઉમેદવારોએ સંસ્થાના હિતને ધ્યાનમાં રાખીને વર્તમાન પેનલને ટેકો જાહેર કરી ચૂંટણીમાંથી સ્વેચ્છાએ ખસી જતા ૧૩ ઉમેદવારોની જગ્યાએ ૧૩ ઉમેદવારો રહેતા ચૂંટણીની આવશ્યકતા રહેતી નથી જેથી સામાન્ય સભાસદ માટે અશોકકુમાર ચતુરભાઈ પટેલ, કાલીદાસ વિઠ્ઠલદાસ પટેલ, ગણેશભાઈ શંકરલાલ પટેલ, ચંદુભાઈ હરિભાઈ પટેલ, ડાહ્યાભાઈ ત્રિભોવનદાસ પટેલ, નટવરભાઈ રામાભાઈ પટેલ, પ્રકાશભાઈ રામભાઈ પટેલ, પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ પટેલ, પ્રહલાદભાઈ શંકરભાઈ પટેલ, બિપીનભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, મહિલા સભાસદ માટે ઉર્વિબેન પંકજભાઈ પટેલ, ભાવનાબેન બિપિનભાઈ પટેલ, અનુસૂચિત જાતિ-જનજાતિના સભાસદ માટે ડાહ્યાભાઈ શીવરામ પરમાર બીનહરિફ ચૂંટાઈ આવ્યા છે.

# ચિલોડામાં ત્રણ દુકાનના શટર તુટ્યા : ૫૫ હજારની ચોરી

## ધ્યાની ઓટો, શ્યામ ગ્લાસ ટેક અને રાધે સર્વિસ સેન્ટરના દુકાનના તાળા તુટ્યા, વેપારીઓ ભયનો માહોલ

ગાંધીનગર, તા.૧૮

ચિલોડા ખાતે હિંમતનગર હાઈ વે પર આવેલી ત્રણ દુકાનના શટરો એક સાથે તુટ્યા છે. ત્રણ દુકાનના તાળા તુટતા વેપારીઓમાં ભયનો માહોલ સર્જાયો છે. જયારે ધ્યાની ઓટોમાંથી રૂ. ૫૫ હજારની ચોરી થવા પામી છે. રાત્રીના સમયે ત્રાટકેલા ચોર ઈસમોએ દુકાનના શટર ઉંચા કરીને અંદરના લોકર તોડી સામાન વેર-વિખેર કરી નાંખ્યો હતો. ધ્યાની ઓટોના માલિકે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર ઈસમોને પકડી પાડવા માટે ફિંગર પ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ચિલોડા પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક આવેલા ચિલોડા ખાતે ગત રાત્રીના સમયે એક સાથે ત્રણ દુકાનના તાળા તુટવાની ઘટના પ્રકાશમાં આવી છે. હિંમતનગર હાઈ વે પર ગૌતમ થ્રેસરની બાજુમાં આવેલી શ્યામ ગ્લાસ ટેક અને રાધે સર્વિસ સેન્ટરના શટર ઉંચા કરી અંદર પ્રવેશી લોકર તોડી ચોરીનો પ્રયાસ કર્યો છે. પરંતુ ધ્યાની ઓટો માંથી રૂ.૫૫ હજારની ચોરી કરી ચોર ઈસમો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે ધ્યાની ઓટો ના માલિક ચેતનકુમાર દવે એ ચિલોડા પોલીસ મથકે નોંધાયેલ ફરિયાદ મુજબ ગતરોજ તે શો-રૂમનું કામકાજ પૂર્ણ કરીને રાત્રીના ૮ વાગ્યાના અરસામાં ઘરે જવા માટે નીકળ્યા હતા. ત્યારબાદ આજે સવારે ૭ વાગ્યાના અરસામાં તેમની બાજુમાં રહેલી દુકાન શ્યામ ગ્લાસ ટેક નામની દુકાન માલિક અજીતકુમાર થાનારામ શર્માનો મોબાઈલ ફોન આવ્યો હતો. તેમણે મને કહ્યું હતું




કે હાલમાં બહારગામ છું પરંતુ મને જાણવા મળેલ છે કે મારી દુકાન તથા તમારો શો-રૂમ અને બાજુમાં આવેલ નિલેશભાઈની દુકાનના શટર ખુલ્લા છે અને ચોરી થયેલ હોય તેમ જણાય છે. તે પ્રકારની વાત કરતા હુ તુરંત જ મારા શો-રૂમ ખાતે આવીને જોયું તો મારા શો-રૂમ તેમજ અજીત કુમારની દુકાન અને નિલેશભાઈ દુકાન સહિત ત્રણેય દુકાનના શટર ઉંચા કરેલા હતા.

મે મારા ધ્યાની શો-રૂમમાં અંદર જઈ ચેક કરતા ઓફિસના દરવાજાનું અને અંદર આવેલા ટેબલના ડ્રોવરના લોક તોડીને પાકીટમાં રહેલા રૂ. ૨૦ હજાર તેમજ મારા ડ્રોવરમાં મુકેલા મારા ગ્રાહકોના લોનના હપ્તાના તેમજ વિમા પોલીસીના અને ગ્રાહકોના વાહન સર્વિસના રૂ.૩૫ હજાર ચોરી કરી ચોર ઈસમો પલાયન થઈ ગયા છે. જયારે ધ્યાની શો-રૂમની બાજુમાં આવેલ શ્યામ ગ્લાસ ટેક અને રાધે સર્વિસ સેન્ટર દુકાનના શટર ઉંચા થયા છે. બંન્ને દુકાનના લોક તોડી ચોર અંદર પ્રવેશ્યા છે. પરંતુ દુકાનના માલિકોએ દુકાનમાંથી કોઈ ચીજવસ્તુની ચોરી થઈ નથી તેમ જણાવ્યું છે. ચિલોડા પોલીસની પ્રાથમિક તપાસમાં સીસીટીવી ફુટેજમાં ચોર ઈસમો દેખાયા છે. તેમજ ફીંગર પ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ ચિલોડા પોલીસે વધુ તપાસ તેજ કરી છે.

## ઈન્ડિયન લાયન્સ કલબના રજત જયંતિ વર્ષની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

સ્વદેશી અને રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલી ઈન્ડિયન લાયન્સ ક્લબ આગામી તા. ૨૯ થી ૩૦ જુન દરમ્યાન સંસ્થાનો ૨૫મો સ્થાપના દિન ઉજવશે. રજતજયંતિ વર્ષની ઉજવણી સાથે સંસ્થા દ્વારા નેશનલ કોન્ફરન્સનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાની રજત જયંતિની ઉજવણી એસ.જી. હાઈવે પર નિરમા યુનિવર્સિટીની સામે વિસલિંગ મિડોજ રિસોટમાં યોજાશે.

ઈન્ડિયન લાયન્સ ક્લબની ગઈકાલે મળેલી બેઠકમાં સંસ્થાની રજત જયંતિ વર્ષની ઉજવણી અંગે ચર્ચા કરવામાં આવી હતી તેમજ સ્થળ નિરીક્ષણ સાથે તૈયારીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના નેશનલ ચેરમેન હિતેશ પંડ્યા, કોર્ડિનેટર અક્ષયભાઈ ઠક્કર, કોર્ડિનેટર ઉદયભાઈ પાંભર તથા કૂંપલ દવે, ઈન્ડિયન લાયન્સના પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવ, ઈન્ડિયન લાયોનેસના પ્રમુખ શિલ્પા દેસાઈ સહિત સભ્યોએ હાજરી આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે રજતજયંતિ વર્ષની ઉજવણીમાં આશાબેન પંડ્યા ઈન્ડિયન લાયન્સના નેશનલ ચેરપર્સન બનશે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૦ની સાલથી સંસ્થાના ચેરમેનપદે હિતેશભાઈ પંડ્યા સેવાઓ આપી રહ્યાં છે જેઓ મુખ્યમંત્રીના જનસંપર્ક અધિકારી તરીકે કાર્યરત છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## જાહેર નિવિદા

મારુતી સુઝુકી SX4 VXI કાર ને. જીજે/૧૮/જી/૨૭૦૦ (પેટ્રોલ), મોડલ-૨૦૦૯. જ્યાં છે ત્યાં અને જેવી છે તેવી હાલતમાં જાહેર હરાજીથી વેચવાની છે. તા. ૨૮/૬/૨૦૧૯ના રોજ કચેરી સમયમાં પ્રશ્ન હેઠળના વાહનને જોવા માટે સેક્શન અધિકારી, (ય.૨ શાખા) સામાન્ય વહીવટ વિભાગ / આયોજન પ્રભાગ, બ્લોક નં. ૭, ૪થો માળ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગરનો સંપર્ક કરવાથી બ્લોક નં. ૨, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગરની સામે રાખેલ સદરહુ વાહન જોઈ શકાશે. ભાવપત્રકો તા. ૯/૭/૨૦૧૯ સુધીમાં સીલબંધ કવરમાં રજી.એ.ડી.થી અથવા રૂબરૂમાં કવર ઉપર 'વાહન વેચાણના ભાવ' એમ દર્શાવીને નીચેના સરનામે મળે તેમ મોકલવાના રહેશે. સીલબંધ કવરમાં મળેલ ભાવપત્રકો તા. ૧૧/૭/૨૦૧૯ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે સંયુક્ત સચિવશ્રી (વહીવટ) સા.વ.વિ. / આયોજન પ્રભાગની ચેમ્બરમાં ખોલવામાં આવશે. મહત્તમ ભાવપત્રક સ્વીકારવું કે કેમ, તેની સત્તા સક્ષમ અધિકારીને રહેશે. જે પાર્ટીનું ભાવપત્રક સ્વીકારવામાં આવશે તે પાર્ટીએ દર્શાવેલ ભાવપત્રક મુજબની રકમ તથા તે ઉપર સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ચૂકવવાપાત્ર થતા વાણિજ્યવેરો ભરવાનો તેમજ સદરહુ કામનો નવેસરથી વિમો લેવાનો રહેશે. તળિયાની કિંમત રૂ. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પૂરા) છે.

**એન. ટી. ભટાણા**
**સેક્શન અધિકારી (ય.૨ શાખા)**
**સામાન્ય વહીવટ વિભાગ/આયોજન પ્રભાગ.**
**બ્લોક નં. ૭, ૪થો માળ, સરદાર ભવન,**
**સચિવાલય, ગાંધીનગર**

માહિતી/૩૭૭/૧૯-૨૦